નાગરિકો હવે તંત્ર પાસેથી માત્ર આશ્વાસન નહીં, પરંતુ તાત્કાલિક અને કાયમી ઉકેલની અપેક્ષા રાખે છે

પાણીના કકળાટથી જનઆક્રોશ

મહાનગરપાલિકા કચેરીએ વિવિધ વિસ્તારોના નાગરિકોના મોરચા લઇ જઉ હોબાળો મચાવ્યો

ભેસતખાડા, ચારપુલ, દશેરા ટેકરી અને ઘેલખડીમાં લાંબા સમયથી અનિયમિત પુરવઠ

નવસારી : નવસારી શહેરમાં પાણી પુરવઠાની લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યાના કારણે આજે નાગરિકોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો.

શહેરના વિવિધ વિસ્તારોમાંથી લોકો મોરચા લઈને મહાનગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા અને પાણીની તકલીફ અંગે હોબાળો મચાવ્યો હતો. નિયમિત અને પૂરતું પાણી ન મળતાં દૈનિક જીવન પર પડતી અસરને લઈ નાગરિકોએ તંત્ર સામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

ખાસ કરીને ભેસતખાડા, ચારપુલ, દશેરા ટેકરી અને ઘેલખડી વિસ્તારના રહેવાસીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસોથી પાણી પુરવઠો અનિયમિત રહેતા પીવાનું પાણી, રસોઈ અને સ્વચ્છતા જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવામાં લોકોને ભારે મુશ્કેલી પડી રહી હોવાનું નાગરિકોએ જણાવ્યું હતું. વારંવાર રજૂઆતો અને ફરિયાદો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ ન આવતાં લોકોમાં રોષ વધ્યો હોવાનું મોરચા દરમિયાન જોવા મળ્યું હતું.

મોરચા દરમિયાન નાગરિકોએ તાત્કાલિક નિયમિત પાણી પુરવઠો શરૂ કરવાની માંગ કરી હતી. મહિલાઓ, વૃદ્ધો અને યુવાનો સહિત તમામ વર્ગના લોકો મોરચામાં જોડાયા હતા અને પાણીની અછતથી થતી મુશ્કેલીઓ અંગે પોતાની વ્યથા રજૂ કરી હતી. અને વહેલી તકે સમસ્યાનો ઉકેલ નહીં આવે, તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવાની ચીમકી આપી હતી.

નાગરિકો હવે તંત્ર પાસેથી માત્ર આશ્વાસન નહીં, પરંતુ તાત્કાલિક અને કાયમી ઉકેલની અપેક્ષા રાખી રહ્યા છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી પાસે હજારો લીટર પાણી વેડફાયું

નવસારી શહેરમાં એક તરફ પીવાના પાણી માટે નાગરિકો ભારે તકલીફ ભોગવી રહ્યા છે, ત્યારે બીજી તરફ તંત્રની સ્પષ્ટ બેદરકારીને કારણે હજારો લીટર પાણી રસ્તા પર વેડફાઈ જવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ એરુ-સ્ટેશન રોડને પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન બપોરે સિંચાઈ વિભાગ દ્વારા જલાલપોર તળાવમાં સંગ્રહ માટે કોક ખોલવામાં આવ્યો હતો. પરંતુ પાણી લાઇનમાં ભંગાણ કે અવરોધ સર્જાતા જલાલપોર તરફ જતું પાણી નવસારી કૃષિ યુનિવર્સિટી નજીક પુરજોશમાં બહાર નીકળ્યું હતું. પાણી એટલી ઝડપે વહેતું હતું કે જાણે ભારે વરસાદમાં ઘોડાપૂર આવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

'બ્લાઇન્ડ' ગણાતા કેસમાં 100 જવાનોએ જંગલમાં કોમ્બિંગ કર્યું

વનકર્મીની હત્યા કરનાર ત્રણ લાકડાચોર ઝડપાયા

ઝડપાયેલા આરોપીઓ પૈકી પ્રવિણ અને હેમંત અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા

ડાંગ જિલ્લાની વઘઇ અને એલ.સી.બી પોલીસની સંયુક્ત ટીમે ફોરેસ્ટ કર્મચારીની હત્યાનો ભેદ ઉકેલ્યો

ગિરીશ લોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ બજાવતા વન વિભાગના નિષ્ઠાવાન કર્મચારીની હત્યાનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. સુરત રેન્જ આઈ.જી.પી. પ્રેમવીરસિંઘ અને ડાંગ એસ.પી. પૂજા યાદવે વઘઇ પોલીસ અને એલ.સી.બી. (LCB) ની સંયુક્ત ટીમની આ કામગીરીને બિરદાવી છે.

ગત 31 જાન્યુઆરી 2026ના રોજ વઘઇ તાલુકાના બોરીગાંવઠા ગામે હૃદયદ્રાવક ઘટના બની હતી. વાંઝટઆંબાના રહેવાસી અને બારખાંધ્યા ફોરેસ્ટ નાકા પર કાયમી રોજમદાર તરીકે ફરજ બજાવતા સનતભાઈ ગનસુભાઈ બીરારી (53) પોતાની નોકરી પૂરી કરી ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રે દોઢ વાગ્યે તેમણે ત્રણ શખ્સોને સાયકલ પર ગેરકાયદે લાકડા ચોરીને લઈ જતા જોયા હતા. પોતાની ફરજ સમજી તેમને અટકાવતા ઉશ્કેરાયેલા લાકડાચોરોએ વાંસના ડંડા વડે સનતભાઈના માથા પર જીવલેણ હુમલો કરી તેમની હત્યા કરી દીધી હતી.

શરૂઆતમાં આ કેસ સંપૂર્ણપણે 'બ્લાઇન્ડ' હતો. ડાંગના પોલીસ અધિક્ષક પૂજા યાદવ અને નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લાનાં વઘઇ પોલીસ મથકનાં પી.આઈ. વી. કે.ગઢવી, પી.એસ. આઈ.એમ.એસ.રાજપૂત, પી.એસ.આઈ.જે.જી.અનડકટ સહીતનાં અધિકારીઓએ તપાસમાં આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કર્યો હતો. વઘઇ પી.આઈ. વી.કે. ગઢવી અને LCB સહિતની 10 ટીમોના 100 જેટલા જવાનો તપાસમાં જોડાયા હતા. પોલીસે આધુનિક ટેક્નોલોજી, ડ્રોન સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરી જંગલ વિસ્તારમાં કોમ્બિંગ હાથ ધર્યું હતું.

આરોપીઓએ કબૂલાત કરી હતી કે પકડાઈ જવાના ડરે તેમણે વનકર્મી પર હુમલો કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓ પૈકી પ્રવિણ અને હેમંત અગાઉ પણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે. આ સફળ કામગીરી બદલ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સમગ્ર ટીમને વ્યક્તિગત રીતે મળી અભિનંદન પાઠવ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓ કોસીમપાતળ ગામના

પ્રવિણભાઇ ઉર્ફે પરેશભાઇ પવાર (21)
હેમંતભાઇ મોતાભાઇ (20)
ઋત્વીકભાઇ પવાર (22)

બહેજમાં 5 વર્ષની બાળકી પર દીપડાનો હુમલો

લાકડા લેવા જઈ રહેલી માતાની પાછળ જતી હતી ત્યારે દીપડાએ હુમલો કર્યો

ખેરગામ : ખેરગામના બહેજ ગામમાં મંગળવારે સાંજે ઝરા ફળિયામાં જતીનભાઈ પટેલની 5 વર્ષીય પુત્રી રૂહી પર દીપડાએ ઓચિંતો હુમલો કર્યો હતો. માસૂમ રૂહી ઘરના પાછળના વાડામાં અન્ય બાળકો સાથે રમી રહી હતી. દરમિયાન રૂહીની માતા લાકડાં લેવા જઈ રહી હતી ત્યારે તે પાછળ-પાછળ ગઈ હતી. દરમિયાન દીપડાએ બાળકી પર હુમલો કર્યો હતો. દીપડાના હુમલાને પગલે બાળકોએ ચીસાચીસ કરી મૂકતાં લોકો દોડી આવતા દીપડો બાળકીને છોડી ઝાડીઓમાં ભાગી છૂટ્યો હતો. લોહીલુહાણ હાલતમાં રૂહીને ખેરગામ રેફરલ હોસ્પિટલમાં અને જ્યાંથી વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી. અગાઉ પણ દીપડાએ મરઘાંનું મારણ કર્યું હતું. આ ઘટનાની જાણ થતા ખેરગામ તાલુકા પંચાયતના પ્રમુખ રાજેશ પટેલે વન વિભાગને જાણ કરતા વન વિભાગે તાત્કાલિક પાંજરું ગોઠવ્યું હતું.

પટેલ ફળિયામાં દીપડો દેખાયો હતો

સોમવારે રાત્રે બહેજના પટેલ ફળિયામાં એક દીપડો નહેરની પાળી પર આરામ ફરમાવતો જોવા મળ્યો હતો. જો કે, લાઈટનો પ્રકાશ પડતાની સાથે જ દીપડો ઝાડીઓમાં પલાયન થઈ ગયો હતો. જેનો વિડીયો એક કારચાલકે કેમેરામાં કેદ કર્યો હતો આ વિડીયો વાયરલ થયાના ગણતરીના કલાકોમાં જ બાળકી પર હુમલો થતાં ગ્રામજનોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

નદીમાંથી લાલ ડાઘવાળી માછલીઓ મળી આવી

વલસાડ ફિશરિઝ વિભાગે સ્થળ પર પહોંચી માછલીઓ અને નદીના પાણીના નમૂના લીધા

આરીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકાના સિદુમ્બર તથા હનમતમાળ ગામમાંથી પસાર થતી માન નદીમાં ચામડી પર લાલ ડાઘ ધરાવતી માછલીઓ જોવા મળતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે. આ અંગે માહિતી મળતા વલસાડ ફિશરિઝ વિભાગે તાત્કાલિક સ્થળ પર પહોંચી માછલીઓ અને નદીના પાણીના નમૂનાઓ લીધા છે.

ફિશરિઝ વિભાગના અધિકારીએ જણાવ્યા મુજબ, માછલીઓના નમૂનાઓ રોગની તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવશે, જ્યારે પાણીના નમૂનાઓ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા વિશ્લેષણ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. રિપોર્ટ પ્રાપ્ત થયા બાદ જ માછલીઓમાં દેખાતા લાલ ડાઘનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે અને જરૂરી પગલાં લેવામાં આવશે.

ગાંધીનગરની ટીમે વલસાડની ટાંકીનો નોન ડિસ્ટ્રક્ટીવ ટેસ્ટ કર્યો

ટેસ્ટ પોઝિટિવ આવ્યા હોવાના દાવા વચ્ચે કોંગ્રેસ દ્વારા વિરોધ

વલસાડ : વલસાડ કલ્યાણબાગની ટાંકીનું સેન્ટીંગનું સ્ટ્રક્ચર સોમવારે સવારે તૂટી પડતાં શહેરમાં ભારે ગભરાહટનો અને આક્રોશનો માહોલ સર્જાયો હતો. આ ઘટના બાદ નિર્માણાધિન આ ટાંકીના પરિક્ષણ માટે જીયુડીસીની ગાંધીનગરની એક ખાસ ટીમ વલસાડ આવી હતી. તેમના દ્વારા ટાંકીના બાંધકામની નોન ડિસ્ટ્રક્ટીવ ટેસ્ટીંગ થઇ હતી. જેનો ટેસ્ટ પોઝીટીવ હોવાનો દાવો જયંતિ સુપર કન્સ્ટ્રક્શનના માણસોએ કર્યો હતો. જોકે, આ ટેસ્ટીંગ દરમિયાન પણ યુથ કોંગ્રેસે તેમનો વિરોધ કર્યો હતો.

વલસાડમાં ટાંકી પરથી સિમેન્ટનું પ્લાસ્ટર પોપડા સાથે પડી જવાની ઘટનાએ શહેરને હચમચાવી નાખ્યું હતુ. આ ટાંકી ગમે ત્યારે તૂટી પડે એવી પણ દહેશત ફેલાઈ હતી. જોકે, આ ટાંકીની મજબૂતાઇ અને સ્ટ્રક્ચરલ ટેસ્ટીંગ માટે જીયુડીસીની એક ટીમ ગાંધીનગરથી આવી હતી. તેમણે સ્ટ્રક્ચરના નક્કી કરેલા આઇએસ કોડ મુજબ અલ્ટ્રાસોનિક પ્લસ વેલોસિટી અને રિબાઇન્સ હેમર ટેસ્ટ કર્યા હતાં. આ ટેસ્ટ નોન ડિસ્ટ્રક્ટીવ ટેસ્ટીંગ કહી શકાય છે. આ ટેસ્ટ પોઝીટીવ આવ્યા હોવાનો દાવો એજન્સીએ કર્યો હતો.

જીયુડીસીની ટીમ દ્વારા થઇ રહેલા આ ટેસ્ટીંગ દરમિયાન પણ યુથ કોંગ્રેસના મિત દેસાઇ સહિતના કાર્યકરોએ આ ટેસ્ટીંગનો વિરોધ કર્યો હતો. તેમણે ઉપર જઇ તેના સેમ્પલો લેવાની વાત કરી હતી. ત્યારબાદ તેઓ ત્યાં ભુખ હડતાલ પર ઉતરી ગયા હતાં. ઘટનાના ત્રીજા દિવસે પણ આ રોડ બંધ રહ્યો હતો તેમજ કલ્યાણ બાગ પાસે થોડો હાઇવોલ્ટેજ ડ્રામા થયો હતો.

બીલીમોરામાંથી ચોરાયેલી બાઈક સાથે રીઢો ઝડપાયો

આરોપી વિરુદ્ધ ૧૧ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચુક્યા છે

બીલીમોરા : બીલીમોરા પોલીસે બાતમીના આધારે ઊંડાચ માર્ગ પરથી ચોરીની બાઇક લઈ જતા રીઢા મોટરસાયકલ ચોરને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીએ 11 ગુનાની કબુલાત કરી હતી.

બીલીમોરા સ્ટેશન પાસે આવેલી હોસ્પિટલના કમ્પાઉન્ડમાંથી બાઇક ચોરી અંગે કમલેશ રાઠોડે બીલીમોરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરતા બાતમી મળી હતી કે, આંતલીયા ઊંડાચ માર્ગ પરથી ચોરી થયેલી બાઇક લઈ એક શખ્સ જઈ રહ્યો છે જેના બાતમી આધારે પોલીસે બાઇક લઈ જતા શખ્સની પૂછતાછ કરતા બાઇક ચોરીની હોવાની કબૂલાત કરતા પોલીસે આરોપી રમણ ઉર્ફે વનરાજ ઉર્ફે અર્જુન ઉર્ફે મહેશ માહલા (રહે. હનમંત માળ)ની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ગુનાહિત માનસ ધરાવે છે અને આરોપી વિરુદ્ધ અગાઉ કુલ ૧૧ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચુક્યા છે, જેમાં ધરમપુર, ડુંગરી, સુબીર, પારડી અને વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ચોરીના વાંસદા, બીલીમોરા અને ધરમપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન/એમ.વી. એક્ટના ગુન્હા અને ડુંગરી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતના ગુન્હા નોંધાયા હોવાનું બહાર આવ્યું હતું. આ કામગીરીમાં બીલીમોરા પોલીસ ઇન્સ્પેક્ટર જય દીપસિંહ ચાવડા તથા વુ.પો.સ.ઇ. એસ.ડી. કારેણા, હિરેનભાઇ મનુભાઇ, હિતેનભાઇ બાબુભાઇ, વિરલભાઈ ચીમનભાઇ, અજીતભાઇ નરસિંહભાઇ તથા પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ કાનજીભાઈએ કામગીરી કરી છે. બીલીમોરા પોલીસે આ રીઢા ગુનેગારની ધરપકડ કરી અન્ય કોઈ ગુનામાં તેની સંડોવણી છે કે કેમ તે દિશામાં તપાસ આગળ વધારી છે.

કોલોનીમાં લૂંટ ચલાવનાર 'ધાર ગેંગ'ના બે ઝડપાયા

ચોરી દરમિયાન જાગી ગયેલાઓએ પકડવાનો પ્રયાસ કરતા તસ્કરોએ લાકડાના દંડા વડે હુમલો કર્યો હતો

વલસાડ : વલસાડની અતુલ લિમિટેડ કંપનીની રિવર સાઈડ-1 કોલોનીમાં થયેલી લૂંટનો ભેદ વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખ્યો છે. થાણેથી આ ગુનામાં સંડોવાયેલા બે રીઢા આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે ગેંગના 4 સભ્યો હજુ પણ પોલીસ પહોંચથી દુર છે.

ગત 30 જાન્યુઆરીની રાત્રે અતુલ કોલોનીના રૂમ નં. 1616માં તસ્કરો તાળું તોડી પ્રવેશ્યા હતા. અને ઘરમાંથી ચોરી કરી હતી. ચોરી દરમિયાન જાગી ગયેલા ફરિયાદી અને કંપનીના માણસોએ તસ્કરોને પકડવાનો પ્રયાસ કરતા, આરોપીઓએ લાકડાના દંડા વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ફરિયાદીને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ LCB, SOG અને વલસાડ રૂરલ પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલિસિસના આધારે પોલીસે મહારાષ્ટ્રના ઠાણે (કોપરી ઈસ્ટ) ખાતેથી કૃષ્ણદેવ ઉર્ફે ક્રિશ પ્રકાશ મોર્યા (ઉં.26, રહે. મુંબઈ, મૂળ રહે. ઉત્તર પ્રદેશ) અને કમલા ઉર્ફે કમલેશ ફોજદાર ચૌહાણ (ઉં.49, રહે. મુંબઈ, મૂળ રહે. ઉત્તર પ્રદેશ) ને પકડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

જેલમાં બનેલી ગેંગ અને ચોરીનો પ્લાન

પોલીસે ક્રિશ અને કમલેશની પુછતાછ કરતાં તેમને જાણવા મળ્યું કે આરોપીઓ અગાઉ નવસારી સબજેલમાં અન્ય ગુનાઓમાં સાથે હતા જ્યાં તેમની મિત્રતા થઈ હતી અને તેઓએ ગેંગ બનાવી લૂંટનો પ્લાન ઘડ્યો હતો. આ ગુનામાં અન્ય ચાર આરોપીઓ (હાબુ મોહનીયા, છગન મેહડા, અરૂણ ગુપ્તા અને ભરત) હજુ વોન્ટેડ છે. ઝડપાયેલા આરોપીઓ પાસેથી પોલીસને બે મોબાઈલ ફોન પણ મળી આવ્યા છે.

રીઢા આરોપીઓનો ગુનાહિત ઈતિહાસ

પકડાયેલા આરોપીઓ રીઢા ગુનેગારો છે. કમલેશ ચૌહાણ વિરુદ્ધ મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અગાઉ 8 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે વોન્ટેડ આરોપી હાબુ મોહનીયા વિરુદ્ધ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં 19 જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

વાપીમાં અકસ્માત નડતા મહિલાનું મોત

વાપી : ઉમરગામ તાલુકાના માણેકપોરમાં રહેતા મુકેશ કુંવરા બુધવારે પત્ની મનીષાબેન સાથે બાઈક લઈને વાપી આવી રહ્યા હતા તે સમયે યુપીએલ ઓવરબ્રિજ ઉપર વાહનની ટક્કર બાઈકને લાગતા દંપતિ રોડ પર પટકાતા ને પત્નીનું મોત નીપજ્યું હતું.

પારડીના એડવોકેટ જવાહર દેસાઈનું નિધન

પારડી, દમણ, સેલવાસ, મુંબઈ, વલસાડ, વાપી, સુરતથી અગ્રણીઓ, મિત્રવર્તુળ, સંબંધીઓ સ્મશાનયાત્રામાં જોડાયા



પારડી : પારડીના નામાંકિત વરિષ્ઠ એડવોકેટ અને વિવિધ સંસ્થાના ટ્રસ્ટી, અગ્રણી એવા જવાહરભાઈ દેસાઈનું ટૂંકી માંદગી દરમિયાન જ્યેષ્ઠ વયે નિધન થયું હતું. તેઓ આધાર ટ્રસ્ટ પરીયા તથા ધી પારડી એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી, ભીલાડવાળા બેંકના માજી ચેરમેન તેમજ અનાવિલ સમાજના અગ્રણી એવા જવાહરભાઈ દેસાઈનું 85 વર્ષે આજરોજ નિધન થતા વકીલમંડળ તેમજ પારડીનગરમાં તથા વિદ્યાર્થીજગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. તેઓ સંઘપ્રદેશદમણ-દીવ-દાનહ તથા ગુજરાતમાં વર્ષોથી વકાલતમાં સંકળાયેલા હતા તેમની અંતિમયાત્રામાં વકીલો, તબીબો, શાળા-કોલેજના પ્રાધ્યાપકો, આચાર્ય, શિક્ષકો, રાજકીય નેતાઓ, પોલીસ અધિકારીઓ, સમાજના અગ્રણીઓ, પારડી- દમણ- સેલવાસ- મુંબઈ- વલસાડ- વાપી- સુરતથી મિત્રવર્તુળ, સંબંધીઓ જોડાયા હતાં. તેમના નિધનને લઈ પારડી ડીસીઓ શાળા, બી.આર. જે.પી. સ્કૂલ, જે.પી. પારડીવાલા કોલેજ, સ્વનિર્ભર સ્કૂલ, ડી.જે. દમણિયા સ્કૂલમાં વિદ્યાર્થીઓને રજા જાહેર કરવામાં આવી હતી. જવાહરભાઈના નિધનથી બે પુત્ર પ્રશાંત દેસાઈ અને પ્રણવ દેસાઈ તેમજ અનાવિલ સમાજમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ હતી.

પર્યાવરણ ક્વિઝ સ્પર્ધામાં શાળાનો વિદ્યાર્થી પ્રથમ

સુરત : નવસારીના જાણીતા સયાજી વૈભવ પુસ્તકાલય દ્વારા હાલમાં પર્યાવરણ પ્રહરી નંદનવન પ્રકલ્પ પ્રોજેક્ટ હેઠળ પર્યાવરણ જાગૃતિ અભિયાનના ભાગરૂપે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં નવસારી શહેર ભક્તાશ્રમ સ્કૂલના ઈંગ્લિશ મીડિયમમાં અભ્યાસ કરતા સૈયદ સિબ્તેન અફરોઝે જનરલ નોલેજ ક્વિઝ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

વિજેતા વિદ્યાર્થીઓ માટેના ઇનામ વિતરણ સમારંભના અતિથિવિશેષ તરીકે ડો. દિનેશ જોષી અને મુખ્ય મહેમાન તરીકે ડીડીઓ પુષ્પલતા બેન હાજર રહ્યા હતા. જેમના વરદ હસ્તે ઇનામ અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. શાળાનું નામ રોશન કરવા બદલ આ વિદ્યાર્થીને શાળાના પદાધિકારીઓએ પણ આ વિદ્યાર્થીને અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

ગુજરાતમાં બાઇક ચોરી કરનાર બે પકડાયા

વિવિધ જિલ્લાના વાહન ચોરીના 9 ગુના ઉકેલી પોલીસે 15 વાહનો કબજે કર્યા

વલસાડ : સમગ્ર ગુજરાતમાં બાઈક ચોરી કરી હાહાકાર મચાવતી મુસા ગેંગના બે સભ્યો સરફરાજ મીયાંઉસ્માન ગુલામ હુસૈન પંડોલીયાને વલસાડ પોલીસે પકડી વાહન ચોરીના 9 ગુના ઉકેલી 15 વાહનો કબજે કર્યા છે.

વલસાડ જિલ્લા પોલીસે બાતમીના પગલે ગુજરાતમાં થયેલી બાઈક ચોરીની ઘટનાની માહિતી મળતા બેને પકડી પાડ્યા હતા. જેની પુછતાછમાં જાણવા મળ્યું કે, સરફરાજ વાહન ચોરીનું કામ કરતો હતો.

પોલીસે તેની સાથે ચોરીના વાહનો વેચતા તેના સાથી મોહમદ ઈસ્માઈલ નુર મોહમદ મુસાજીની પણ ધરપકડ કરી પુછતાછ કરતા તેમણે ગુજરાતમાંથી ચોરેલા 15 વાહનોની કબૂલાત કરી હતી પોલીસે આરોપીઓ પાસેથી 15 મોટરસાયકલ કબજે કરી છે. આ તમામ મુદ્દામાલની કિંમત 4 લાખ રૂપિયા થાય છે.

બનાવટી આર.સી. બુક બનાવી ચોરીની બાઇકનું વેચાણ

આ ગેંગ અત્યંત સાવચેતીથી કામ કરતી હતી. સરફરાજ વાહનોની ચોરી કરતો, ત્યારબાદ ઇસ્માઇલ મુસાજી સુરતના અમીરશ ઉર્ફે અજય રાણા (હાલ વોન્ટેડ) પાસે 3500 થી 4000 રૂપિયામાં બનાવટી આર.સી. બુક તૈયાર કરાવતો હતો. આ નકલી દસ્તાવેજોના આધારે તેઓ અલગ-અલગ જીલ્લાઓમાં વાહનો વેચી દેતા અને મળેલા પૈસા સરખે ભાગે વહેંચી લેતા હતા.